પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 27-11-2026 **Midday: 1.20 TO 1.30**
Day: FRIDAY **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****

1. સરકારે બંને ગૃહોની વિશેષ બેઠકનો પ્રસ્તાવ મૂક્યા બાદ સોમવારથી લોકસભા બુધવારથી રાજ્યસભાનું સત્ર ફરી શરૂ થશે.
2. 25મી હિંદ મહાસાગર રિમ એસોસિએશન, મંત્રી પરિષદની બેઠકનો નવી દિલ્હીમાં પ્રારંભ.
3. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ કહ્યું, ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર અંતિમ તબક્કામાં.
4. કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે મધ્યપ્રદેશમાં સીપ-અંબર સિંચાઈ યોજનાના બંને તબક્કાનું ઉદ્ઘાટન કરશે.
5. 45મા ભારત આંતરરાષ્ટ્રીય વેપાર મેળાનું આજે નવી દિલ્હીમાં સમાપન.
6. ક્રિકેટમાં, ન્યૂઝીલેન્ડે ભારત સામેની બીજી ટેસ્ટમાં પ્રથમ દિવસે પાંચ વિકેટે 246 રન બનાવ્યા.

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

LS - RS

સરકારે બંને ગૃહોની વિશેષ બેઠકનો પ્રસ્તાવ મૂક્યા બાદ 30 નવેમ્બર સોમવારથી લોકસભા જ્યારે બીજી ડીસેમ્બર બુધવારથી રાજ્યસભાની કાર્યવાહી ફરી શરૂ થશે. બંને ગૃહોની બેઠકો આવશ્યક સરકારી કામકાજ હાથ ધરવા માટે બોલાવવામાં આવી છે. બંને ગૃહોની બેઠકો 3 ડિસેમ્બરે પૂર્ણ થવાની ધારણા છે. આ બેઠકો દરમિયાન પ્રશ્નકાળ, શૂન્યકાળ અને ખાનગી સભ્યોની કામગીરી યોજાશે નહીં. સરકારે લોકસભાના અધ્યક્ષ અને રાજ્યસભાના સભાપતિને આવશ્યક સરકારી કામકાજ હાથ ધરવા માટે આ તારીખો પર બંને ગૃહોની બેઠકો ફરી બોલાવવા અપીલ કરી હતી.

ઉલ્લેખનીય છે કે લોકસભા અને રાજ્યસભા 13 ઓગસ્ટે અનિશ્ચિત સમય માટે મુલતવી રાખવામાં આવી હોવા છતાં, ચોમાસુ સત્ર હજુ સુધી ઔપચારિક રીતે સ્થગિત કરાયું નથી.

IORA COM MEETING

નવી દિલ્હીમાં 25મી હિંદ મહાસાગર રિમ એસોસિએશન મંત્રી પરિષદની બેઠકનો પ્રારંભ થયો છે. વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર સાથે સેશેલ્સ,મોરેશિયસ અને શ્રીલંકાના વિદેશમંત્રી આ પરિષદની બેઠકમાં ભાગ લઈ રહ્યા છે.

23 સભ્ય દેશો અને 12 ડાયલોગ પાર્ટનર્સના મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓની આ ઉચ્ચ-સ્તરીય બેઠક માં શાંતિ, સ્થિરતા, આગાહી અને ટકાઉ વિકાસના ક્ષેત્ર તરીકે હિંદ મહાસાગર ક્ષેત્રના મહત્વ પર ભાર મુકાશે. તે મહાસાગરના વિઝન પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરશે, જે ખુલ્લા, સમાવિષ્ટ અને નિયમો-આધારિત દરિયાઈ વ્યવસ્થા માટે સાથે મળીને કામ કરવાને પ્રોત્સાહન આપે છે.

GOYAL- INDIA- US DEAL

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ભારત અને અમેરિકા વચ્ચેનો વેપાર કરાર હવે અંતિમ તબક્કામાં હોવાનું જણાવ્યું. નવી દિલ્હીમાં વર્ચ્યુઅલી ઇન્ડિયા ડેટ કેપિટલ માર્કેટ સમિટમાં બોલતા, શ્રી ગોયલે કહ્યું કે કેટલીક પ્રક્રિયાઓને કારણે દ્વિપક્ષીય કરાર મુલતવી રાખવામાં આવ્યો હતો, પરંતુ હવે તે અંતિમ તબક્કામાં છે. તેમણે આશા વ્યક્ત કરી કે ભારત-ઇયુ મુક્ત વેપાર કરાર આ વર્ષના અંતમાં અમલમાં મૂકવામાં આવશે અને આવતા વર્ષે માર્ચ અથવા એપ્રિલ સુધીમાં તે અમલમાં આવશે.

શ્રી ગોયલે કહ્યું કે છેલ્લા પાંચ વર્ષમાં, ભારતે 38 વિકસિત દેશોને આવરી લેતા નવ મુક્ત વેપાર કરારોને અંતિમ સ્વરૂપ અપાયું છે જ્યારે વાટાઘાટો હેઠળના અન્ય આઠ કે નવ કરારો તેને 85 ટ્રિલિયન ડોલર સુધી વધારી શકે છે. સ્થાનિક અર્થતંત્ર અંગે, મંત્રીએ કહ્યું કે ભારતે સંઘર્ષો, તેલના ભાવમાં આંચકા અને ટેરિફ સંબંધિત વિક્ષેપો સહિત વૈશ્વિક અનિશ્ચિતતાઓ છતાં તેની વૃદ્ધિ ગતિ જાળવી રાખી છે.

MP IRRIGATION PROJECT

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ આજે મધ્યપ્રદેશના સિહોર જિલ્લાના ભૈરુંડા ખાતે સીપ-અંબર સિંચાઈ યોજનાના બંને તબક્કાનું ઉદ્ઘાટન કરશે. આ યોજના લગભગ **536** કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવી છે. તે બુધની વિધાનસભા મતવિસ્તારના **76** ગામોમાં લગભગ **30** હજાર હેક્ટર ખેતીલાયક જમીનને સિંચાઈ સુવિધા પૂરી પાડશે.

આ પ્રસંગે, લગભગ **42** કરોડ રૂપિયાના વિવિધ બાંધકામ અને વિકાસ કાર્યોનું પણ ઉદ્ઘાટન કરવામાં આવશે, અને ભૈરુંડા બ્લોકમાં તેનો શિલાન્યાસ કરવામાં આવશે.આ યોજના હેઠળ, નર્મદા નદીમાંથી પાણી લઈને પંપ હાઉસ અને ભૂગર્ભ પાઇપલાઇન દ્વારા ખેતરોમાં પહોંચાડવામાં આવશે. ખેડૂતો ટપક અને છંટકાવ પ્રણાલીનો ઉપયોગ કરીને તેમના પાકને સિંચાઈ કરી શકશે.

REV. PREZ-KERALAM VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ બે દિવસની મુલાકાતે કેરળમ પહોંચ્યા. કોચીન આંતરરાષ્ટ્રીય વિમાનમથકે કેરળના રાજ્યપાલ ઓમ પ્રકાશ માથુર, મુખ્યમંત્રી વી. ડી. સતીસન અને અન્ય મહાનુભાવોએ તેમનું સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રપતિએ કલાડી ખાતે આદિ શંકરાચાર્યના જન્મસ્થળની મુલાકાત લીધી હતી. તેમણે આદિ શંકરાચાર્ય જન્મસ્થળ મંદિરની મુલાકાત લીધી. તેઓ ત્રિશુર ખાતે વૈદ્યરત્નમ આયુર્વેદ કોલેજના સુવર્ણ જયંતિ સમારોહમાં ભાગ લેશે.

INDIA-UAE

ભારત અને સંયુક્ત આરબ અમીરાત આગામી પેઢીના સંરક્ષણ સાધનોના સંયુક્ત વિકાસ અને ઉત્પાદનને વેગ આપવા સંમત થયા છે.

ભારત-યુએઈ સંયુક્ત સંરક્ષણ સહકાર સમિતિની 14મી બેઠક ગઈકાલે અબુ ધાબીમાં યોજાઈ હતી ભારતના સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહ અને યુએઈ સંરક્ષણ મંત્રાલયના સચિવ લેફ્ટનન્ટ જનરલ ઇબ્રાહિમ અલાવીએ આ બેઠકની સહ-અધ્યક્ષતા કરી હતી.

આ બેઠકમાં બંને દેશો સંરક્ષણ ઉદ્યોગ, સંરક્ષણ નવીનતા અને અદ્યતન ટેકનોલોજી, કૃત્રિમ બુદ્ધિમત્તા, સાયબર સુરક્ષા, લશ્કરી તાલીમ અને દરિયાઈ સુરક્ષા સહિત વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંરક્ષણ સંબંધોને વધુ મજબૂત બનાવવા સંમત થયા હતા.

MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . .

ડેસ્ક

IITF

45માં ભારત આંતરરાષ્ટ્રીય વેપાર મેળો નું આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે સમાપન થશે

ભારત વેપાર પ્રમોશન સંગઠન દ્વારા દર વર્ષે આયોજિત, આ પ્રદર્શની ભારતના અગ્રણી બહુ-ઉત્પાદન વેપાર પ્રદર્શનોમાંનું એક છે. આ વર્ષે, મેળાની થીમ "વિકાસ અને વારસો" છે.

સાંભળીએ એક અહેવાલ....

(V/C – VIKAS)

J-K---SECURITY-REVIEW

ગૃહ સચિવ ગોવિંદ મોહને ગઇકાલે જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. આ બેઠકમાં આતંકવાદ વિરોધી પગલાં, સરહદ પારથી થતી ઘૂસણખોરી, શિયાળા દરમિયાન સુરક્ષા વ્યવસ્થા જેવી બાબતો પર ચર્ચા કરવામાં આવી

ગુપ્તચર બ્યુરો, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના વડાઓ, વરિષ્ઠ સેના કમાન્ડરો, જમ્મુ અને કાશ્મીર પોલીસ અધિકારીઓ અને વિવિધ ગુપ્તચર અને સુરક્ષા એજન્સીઓના પ્રતિનિધિઓએ બેઠકમાં હાજરી આપી હતી.

બેઠકમાં સ્થાનિક યુવાનોને આતંકવાદી સંગઠનોમાં જોડાતા અટકાવવાના મુદ્દદે ખાસ ચર્ચા કરાઇ હતી. આતંકવાદી સંગઠનોમાં ભરતી અટકાવવા અને આતંકવાદ વિરોધી પ્રયાસોને મજબૂત બનાવવાના પગલાં પર ચર્ચા કરવામાં આવી હતી.

IFFI

IFFI ના આજે ૪મા દિવસે પેનલ ચર્ચાઓ, ફિલ્મ નિર્માતાઓ સાથે વાર્તાલાપ અને ટોચની ફિલ્મોનું પ્રદર્શન કરાશે.

પ્રસ્તુત છે એક અહેવાલ....

(V/C - SAIRA-IFFI)

CRICKET--INDIA-NZ-2ND-TEST

ક્રાઇસ્ટચર્ચ ખાતે ચાલી રહેલી ભારત ન્યૂઝીલેન્ડ વચ્ચેની બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના પહેલા દિવસે, ન્યૂઝીલેન્ડે પોતાની પહેલી ઇનિંગમાં 5 વિકેટે 246 રન બનાવ્યા છે.

અગાઉ, ભારતે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. બંને ટીમો વચ્ચેની પહેલી ટેસ્ટ ડ્રો રહી હતી.

WOMEN-S-HOCKEY

ભોપાલમાં મહિલા એશિયન હોકી ચેમ્પિયન્સ ટ્રોફીની બીજી સેમિફાઇનલ આજે ભારતમાં.

મલેશિયા સામે ટકરાશે. ભારતે લીગ સ્ટેજની પાંચેય મેચ જીતીને **15** પોઈન્ટ સાથે ટોચનું સ્થાન મેળવ્યું.પ્રથમ સેમિફાઇનલમાં જાપાનનો મુકાબલો ચીન સામે થશે.

ઉલ્લેખનીય છે કે ભારતીય મહિલા ટીમે **2016, 2023** અને **2024**માં મહિલા એશિયન હોકી ચેમ્પિયન્સ ટ્રોફી જીતી છે.

INDIA-IOC

ભારતે 2036 ઓલિમ્પિક અને પેરાલિમ્પિક ગેમ્સના આયોજન માટે તેનું વિઝન અને પ્રસ્તાવિત કાર્ય યોજના રજૂ કરી. ગઈકાલે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ -IOC ના ફ્યુચર હોસ્ટ કમિશન સાથેની ઓનલાઈન બેઠકમાં પ્રસ્તાવિત યજમાન શહેર અમદાવાદ માટેની તૈયારીઓ, રમતગમતના માળખા અને શહેર, રાજ્ય અને કેન્દ્ર સરકારો દ્વારા ભારતીય ઓલિમ્પિક એસોસિએશનને પૂરા પાડવામાં આવતા સમર્થન અંગે ચર્ચા કરી.

જર્મની, હંગેરી, કતાર, દક્ષિણ કોરિયા, દક્ષિણ આફ્રિકા અને તુર્કી પણ 2036 ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવાની દોડમાં છે.

IRAN KUWAIT ATTACK

ઈરાને કુવૈતમાં થયેલા હુમલામાં ઈરાનનો હાથ હોવાના આરોપો નકારી કાઢ્યા છે.

આ હુમલામાં બે ઇટાલિયન નાગરિકો માર્યા ગયા હતા.ઈરાની દૂતાવાસે કુવૈતી લશ્કરી થાણા પરના કથિત ડ્રોન હુમલામાં ઈરાનની સંડોવણી હોવાનો ઇનકાર કર્યો છે. ઈરાની વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીએ પણ આ ઘટનાને શંકાસ્પદ ગણાવી હતી. તેમણે કહ્યું ઈરાન ઘટનાનું કારણ નક્કી કરવા માટે કુવૈત અને ઇટાલી સાથે સહયોગ કરવા તૈયાર છે.

આ દરમિયાન, હવાઈ હુમલા બાદ સાઉદી અરેબિયાની જાઝાન ઓઇલ રિફાઇનરીમાં કામ અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યું છે. સાઉદી પ્રેસ એજન્સી અનુસાર, આ હુમલામાં એક નેપાળી કર્મચારીનું મોત થયું હતું અને ઘણા અન્ય ઘાયલ થયા હતા.